# ત્રીજા ચરણમાં ૬૩ થી ૬૫ ટકા મતદાન

મુંબઈ,તા. ૨૩

૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૧૧૬ બેઠકો પર ત્રીજા તબક્કાની ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. આની સાથે જ હવે ૩૦૨ સીટ પર લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે.

આજે ત્રીજા તબક્કામાં મતદાન પૂર્ણ થતાંની સાથે જ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, ભાજપ પ્રમુખ અમિત શાહ સહિત ૧૬૧૨ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે તમામ રાજ્યોમાં ઉંચુ મતદાન થયું હતું. જે પૈકી આસામમાં ૭૮, બિહારમાં ૫૯, ગોવામાં ૭૧, ગુજરાતમાં ૬૨, કર્ણાટકમાં ૬૪, કેરળમાં ૭૦ અને મહારાષ્ટ્રમાં ૫૭ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચ દ્વારા ત્રીજા તબક્કાની લોકસભા ચૂંટણી માટે આંકડાને લઈને માહિતી આપી હતી. પશ્ચિમ બંગાળમાં પણ ઉંચુ મતદાન નોંધાયું હતું. બંગાળમાં ૭૮ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. દેશમાં સરેરાશ ત્રીજા તબક્કામાં ૬૩થી ૬૫ ટકા સુધી મતદાન થયું હતું. ઉંચા મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાની જીતના દાવા કરવામાં આવ્યા હતા.

ઉત્તરપ્રદેશમાં ૫૭ ટકાથી વધુ મતદાન થયું હતું. અગાઉ આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. સવારમાં જ મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિતના તમામ દિગ્ગજ મતદાન કરવા માટે સંબંધિત મતદાન મથક પર પહોંચ્યા હતા. હજુ સુધી બે તબક્કામાં કુલ ૧૮૬ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. આજે ત્રીજા તબક્કામાં ૧૧૬ સીટ પર મતદાન પૂર્ણ થયું હતું.

ત્રીજા તબક્કામાં ઉત્તરપ્રદેશની ૧૦ સીટ પર મતદાન યોજાયું હતું. મુખ્ય સ્પર્ધા ભાજપ અને ગઠબંધન વચ્ચે છે. ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કામાં ૯૫.૫ લાખ પુરૂષ અને ૮૦.૯ લાખ મહિલા મતદારો પૈકી મોટા ભાગના મતદારો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. ઉત્તરપ્રદેશમાં એક કરોડ ૭૬ લાખ મતદાર પૈકી મોટા ભાગના મતદારો દ્વારા ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવામાં આવ્યો હતો. આજના મતદાનની સાથે જ ૧૨૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. બિહારમાં પાંચ સીટ પર મતદાન યોજાયું હતું. પાંચ સીટ પર મેદાનમાં રહેલા ૮૨ ઉમેદવારોના ભાવિ મતદાનની સાથે જ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

કુલ ૮૮.૩૧ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ માટે ઉત્સુક હતા પરંતુ આ પૈકી બિહારમાં ૬૦ ટકા જેટલા મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા બહાર નિકળ્યા હતા. કર્ણાટકમાં કુલ ૧૪ સીટ પર ૨૩૭ ઉમેદવારો ભાગ્ય ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. રવિવારના દિવસે ત્રીજા તબક્કા માટે ચુંટણી પ્રચારનો અંત આવ્યા બાદ ઘરે ઘરે જઈને પ્રચારની શરૂઆત થઈ હતી. ત્રીજા તબક્કામાં ગુજરાતમાં પણ તમામ ૨૬ બેઠક પર મતદાન થયું હતું. ૧૧૬ બેઠકો ૧૩ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવેલી છે. ત્રીજા તબક્કામાં જ્યાં મતદાન યોજાયું હતું તેમાં ગુજરાતમાં તમામ ૨૬, કેરળમાં ૨૦, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૧૪-૧૪ ઉત્તરપ્રદેશમાં ૧૦, છત્તીસગઢમાં સાત બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જમ્મુ-કાશ્મીરમાં એક બેઠક ઉપર મતદાન થયું હતું. ૧૧૬ સીટ પરના મતદાનને લઈને અભૂતપૂર્વ તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી હતી. ૧૮૬ બેઠક પર મતદાન થયું છે.

## સની દેઓલ ભાજપમાં જોડાયા : અટકળોનો અંત

નવી દિલ્હી,તા. ૨૩

લોકપ્રિય અભિનેતા સની દેઓલ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયો છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાનો અંત આવ્યો છે. થોડાક દિવસ પહેલા અમિત શાહને સની દેઓલ મળ્યો હતો. ત્યારબાદથી એવી ચર્ચા ચાલી રહી હતી કે સની દેઓલ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ જશે. આજ સની દેઓલ વિધિવત રીતે ભાજપમાં સામેલ થઈ ગયો હતો. સની દેઓલ આજે કેન્દ્રિય પ્રધાન નિર્મલા સીતારામન અને અન્ય કેન્દ્રિય પ્રધાનોની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. એવા સંકેત મળી રહ્યા છે કે સની દેઓલને ગુરૂદાસપુરમાંથી ટિકિટ મળી શકે છે. સની દેઓલના પિતા ધર્મેન્દ્રે વિતેલા વર્ષોમાં ભાજપની ટિકિટ પર બીકાનેરમાંથી ચૂંટણી લડી હતી. સની દેઓલે કેન્દ્રિય પ્રધાન પિયુશ ગોયલની હાજરીમાં પાર્ટીમાં સામેલ થઈને ચર્ચાનો અંત આવ્યો હતો. પંજાબમાં બાજપ-શિરોમણી અકાળી દળની સાથે ચૂંટણી લડી હતી.



ગુરૂદાસપુરની ટિકટ મહત્વપૂર્ણ બની ગઈ છે. પરિવારમાં અનેક સભ્યો રાજકારણમાં રહ્યા છે. હેમા માલિની પણ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ છે. પિતા ધર્મેન્દ્રે વર્ષ ૨૦૦૪માં રાજસ્થાનની બિકાનેર સીટ પરથી ચૂંટણી લડી હતી. ગુરૂદાસપુર સીટ ભાજપની ગઢ સમાન સીટ છે. બે દશકથી ભાજપની સીટ રહી છે. પૂર્વ અભિનેતા અને ભારતીય જનતા પાર્ટીના નેતા તરીકે વિનોદ ખન્ના અહીંથી સાંસદ હતા. ખન્નાએ અહીંથી ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪ અને ૨૦૧૪માં જીત મેળવી હતી. આ વખતે સની દેઓલને ટિકિટ મળે તેવા સંકેત મળી રહ્યા છે. ગુરદાસપુર સીટ પરથી સની દેઓલને ઉતારવાને લઈને ટૂંકમાં જ જાહેરાત કરવામાં આવી શકે છે. ૨૭મી એપ્રિલ ૨૦૧૭ના દિવસે વિનોદ ખન્નાના અવસાન બાદ આ સીટ ઉપર પેટાચૂંટણી યોજાઈ હતી જેમાં કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર સુનિલ જાખરની રેકોર્ડ મતથી જીત થઈ હતી. સની દેઓલ બોલીવુડમાં ઘણા વર્ષો સુધી સક્રિય રહ્યા બાદ હવે સક્રિય રાજકારણમાં આવી ગયા છે. પરિવારના સભ્યો પણ રાજનીતિમાં રહ્યા છે જેમાં વિતેલા વર્ષોમાં પિતા ધર્મેન્દ્ર પણ ભાજપની ટિકિટ પરથી બિકાનેરમાંથી સાંસદ રહી ચુક્યા છે. હેમા માલિની પણ સાંસદ તરીકે છે.

## રાફેલના ચુકાદા મામલે ટિપ્પણી બદલ રાહુલને તિરસ્કાર નોટિસ

નવીદિલ્હી, તા. ૨૩

ચોકીદાર ચોર હૈ નિવેદનને લઈને રાહુલ ગાંધીની મુશ્કેલી ઓછી થઈ રહી નથી. સુપ્રીમ કોર્ટે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંદર્ભમાં તેમના ચોકીદાર ચોર હૈના નિવેદન બદલ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને તિરસ્કાર નોટિસ ફટકારી હતી. રાફેલ અંગે સુનાવણી કરતી વેળા આ નોટિસ ફટકારી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ અયોગ્યરીતે કોર્ટના નિવેદનને લઈને ટિપ્પણી કરી હતી. રાહુલ ગાંધીની સામે ચોકીદાર ચોર હૈના નિવેદનના મામલે ભાજપના નેતા મીનાક્ષી લેખી દ્વારા તિરસ્કાર અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી ઉપર સુપ્રીમ કોર્ટે



રાહુલ ગાંધીને નોટિસ ફટકારી હતી. મીનાક્ષીનો આક્ષેપ છે કે, રાહુલ ગાંધીએ પોતાના રાજકીય નિવેદનમાં કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ પણ માની ચુકી છે કે, ચોકીદાર ચોર હૈ. આવી સ્થિતિમાં રાહુલ ગાંધીએ કોર્ટનું અનાદર કર્યું છે. રાહુલ ગાંધી તરફથી સુપ્રીમ કોર્ટમાં કહેવામાં આવ્યું તું કે, પોતાના આ નિવેદન ઉપર તેઓ દુખ વ્યક્ત કરે છે જેમાં કહેવામાં આવ્યું હતું કે, ચોકીદાર ચોર હૈ તેમ કોર્ટ કહી ચુકી છે. મામલાની સુનાવણી દરમિયાન અરજી કરનાર મીનાક્ષી લેખીના વકીલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ માની લીધું છે કે, તેમનું નિવેદન ખોટુ હતું. રાહુલે કહ્યું છે કે, તેઓએ કોર્ટના આદેશમાં ધ્યાન આપ્યું ન હતું. ઉત્સાહ અને જોશમાં નિવેદન કરી દેવામાં આવ્યું હતું. રાહુલે નિવેદન બાદ જે દુખ વ્યક્ત કર્યું છે તેમાં પણ બ્રેકેટમાં લખવામાં આવ્યું છે જે બનાવટી દેખાઈ આવે છે જ્યારે સુપ્રીમ કોર્ટે પ્રશ્ન કર્યો કે, ચોકીદાર કોણ છે ત્યારે મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ અમેઠીથી લઈને વાયનાડ સુધીમાં કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટ કબૂલી ચુકી છે કે, ચોકીદાર ચોર હૈ અને ચોકીદાર નરેન્દ્ર મોદી છે. આ બાબત પણ જોવી જોઈએ કે, કઈ રીતે એક નેશનલ પાર્ટીના લીડર સુપ્રીમ કોર્ટ સાથે ખરાબ વર્તન કરી રહ્યા છે. બીજી બાજુ રાહુલ ગાંધી તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરતા કહ્યું હતું કે, આ કોઈ વિચારી શકે નહીં કે, સુપ્રીમ કોર્ટે આ રીતે વાત કરી છે. છેલ્લા ૧૮ મહિનાથી રાજકીય ગતિવિધિઓ વચ્ચે ચોકીદાર સ્લોગન ફરે છે.



મહેસાણા લોકસભાની ચૂંટણીમાં મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલ અને પૂર્વ ઈફકોના ચેરમેન સહકારી અગ્રણી નટુભાઈ પી. પટેલે મતદાન મથક ઉપર ઉત્સાહપૂર્વક મતદાન કરવા આવ્યા હતા. આ વર્ષે લોકસભાની ચૂંટણીમાં મહિલાઓમાં ઉત્સાહ અનેરો જણાતો હતો. સવારથી મતદાન મથક ઉપર લાઈનોમાં મત આપવા મતદાન કરવા ઉમટી પડ્યા હતા. બપોરે ગરમીના કારણે લાઈનોનુ પ્રમાણ રહેવા પામ્યુ ન હતુ.

### લગ્ન મંડપમાંથી વરરાજા સીધા મતદાન મથકે પહોંચ્યા

લોકશાહીમાં આમપ્રજાને મતાધિકારનું અણમોલ શસ્ત્ર મળ્યું છે જે મતના આધારે તેઓ સારો શાશક ચૂંટી શકે છે. લોકસભાની ચૂંટણીમાં ડીસાના રહીશ કમલેશકુમાર નટવરલાલ લોધાએ પોતાના લગ્ન હોવા છતાં લગ્ન મંડપમાંથી સીધા છોટા ગવાડીના મતદાન મથક ન. ૨૭૨માં પહોચી ગયા હતા, સ્લીપ કઢાવી હોંશભેર મતદાન કરી પોતાની ફરજ અદા કરી હતી.

## મહેસાણામાં ઉલ્લાસભેર મતદાન

મહેસાણા, તા. ૨૩

આજે લોકસભાની યોજાયેલ ચૂંટણીમાં મહેસાણા સંસદીય મત વિસ્તારમાં સખત ગરમીના તાપમાન સમયે મતદારોની સંખ્યા ઓછી થઈ હતી. જોકે સાંજના સમયે મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૬૩ ટકા જેટલુ મતદાન થયુ હતુ.

જ્યારે મહેસાણા લોકસભા બેઠકની સાથે જિલ્લાની ઊંઝા વિધાનસભા સીટની પેટા ચૂંટણીમાં



વચ્ચે એકંદરે શાંતિપૂર્ણ રીતે અંદાજે ૬૦થી ૬૨ ટકા જેટલુ મતદાન થયુ હતુ. સવારના સમયે મતદાન શરૂ થતાં મતદાન મથકોએ વરિષ્ઠ નાગરિકો, વૃદ્ધો, મહિલાઓ, યુવાનો, વિકલાંગો વગેરે મત આપવા માટે ઉમટી પડ્યા હતા. જેથી મતદાન મથકોએ મતદારોની કતારો લાગી હતી. બાદ બપોરના

મહેસાણા લોકસભા બેઠક પરની ચૂંટણીમાં સવારના ૭ થી ૯ કલાક દરમિયાન ૧૨ ટકા ૯ થી ૧૧ વાગ્યા સુધીમાં ૨૮ ટકા ૧૧ થી ૧ કલાક સુધી ૪૧ ટકા, બપોરના ૧થી ૩ વાગ્યા સુધી ૫૨ ટકા, ૩ થી ૫ વાગ્યા સુધી ૬૧.૧૬ ટકા અને ૫ થી ૬ કલાક દરમિયાન ૨ ટકા મતદાન થયુ હતુ. આમ સરેરાશ સવારના ૭થી ૯ કલાક સુધી ૧૦.૨૬ ટકા ૯થી ૧૧ સુધી ૨૪.૨૮ ટકા, ૧૧ થી ૧ કલાક સુધી ૩૮ ટકા, બપોરના ૧ થી ૩ વાગ્યા સુધી ૫૨ ટકા, ૩ થી ૫ કલાક દરમિયાન ૬૨ ટકા અને સાંજના ૫ થી ૬ કલાક સુધી ૨ ટકા મતદાન થયુ હતુ. ઊંઝા વિધાનસભા સીટ પર સવારથી સાંજ સુધી અંદાજે ૬૪ ટકા જેટલુ મતદાન થવા પામ્યું હતું.

### ગાંધીનગર બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોની સંખ્યાની દૃષ્ટિએ રાજ્યમાં બીજો ક્રમ ધરાવે છે અને આજે થયેલ મતદાન પછી આ અંદાજિત ટકાવારીમાં ૨ થી ૩ ટકાનો ઘટાડો-વધારો જોવા મળી શકે છે.

દરમ્યાન આજે મોડી રાત્રે ઈવીએમ ગાંધીનગર કોલેજ ખાતે લાવવાની કામગીરી હાથ ધરાઈ છે. વહેલી સવાર સુધીમાં થયેલ મતદાન અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે શાંતિપૂર્ણ મતદાનમાં મતદારોએ જે ઉત્સાહ દાખવ્યો છે તેને લઈ બન્ને મુખ્ય રાજકીય પક્ષોએ મતદારો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે લોકશાહીના આ મહાપર્વની ઉજવણીનો આનંદ અને જનાદેશની અભિવ્યક્તી એ લોકશાહીને મજબુત બનાવી છે.

### બોગસ વોટીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજેન્દ્ર પરમારે વધુ લડત આપવાનો નિર્ધાર કર્યો છે.

કુડાસણની શ્રીફળ હાઈટ્સમાં રહેતા અને રીઅલ એસ્ટેટનો બીઝનેસ કરતા રાજેન્દ્ર કરશનભાઈ પરમાર નામના મતદાતા જ્યારે સાડા દસ વાગ્યાના સુમારે પોતાની પત્નિ સાથે મતદાન કરવા પહોંચ્યા ત્યારે મતદાર યાદીમાં તેમનો મત બેલેટ પેપરથી આપી દેવાયો હોવાનું જણાવાત તેમને મતદાન કરવા દેવાયુ નહોતુ. આ બાબતે તેમણે ફરિયાદ કરી હતી કે તેઓ કોઈ સરકારી કર્મચારી નથી કે જેથી તેમનુ પોસ્ટલ બેલેટથી વૉટીંગ કરવામાં આવ્યું હોય તો તે કેવી રીતે શક્ય બને ત્યારે સ્થળ પરના કર્મચારીએ તેમના ચોપડામાં નામ સામે મતદાન થઈ ગયુ હોવાનો લાલ સિક્કો બતાવ્યો હતો. આથી રોષે ભરાયેલા રાજેન્દ્ર પરમારે પ્રિસાઈડીંગ અધિકારીને ફરિયાદ કરી હતી જેમણે ઝોનલ ઓફિસર પાંડોર સાહેબ પાસે મોકલ્યા હતા. પાંડોર સાહેબે રાજેન્દ્ર પરમારને કલેક્ટર કચેરીથી પ્રાંત અધિકારી ઠક્કર સાહેબ અને ત્યાંથી તેમણે નાયબ મામલતદાર ભાટી સાહેબ જેવા નામ આપી સે. ૧૫ની કોલેજમાં મોકલ્યા હતા. આમ જુદા જુદા અધિકારીઓને મળી રજૂઆત કરી પોતાના ડોક્યુમેન્ટ્સ બતાવવા છતાં આ બાબતે કોઈ નિવેડો આવી શક્યો નહોતો આથી રોષે ભરાયેલા મતદાતા રાજેન્દ્ર પરમારના પત્નિએ પણ વોટીંગ કરવાનું ટાળ્યુ હતુ તથા રાજેન્દ્ર પરમારે ચૂંટણીતંત્રના આ છબરડા બાબતે હવે લડત આપવાનો નિર્ધાર કર્યો છે. જે અંગે તેઓ આગામી સમયમાં આરટીઆઈ સહિતના શસ્ત્રોનો ઉપયોગ કરશે તેવું જણાવી રહ્યાં છે.

### રાજ્યમાં સરેરાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતો હતો. જો કે સાંજના પાંચ થી છ વાગ્યા સુધી મતદાનની ટકાવારી વધી છે. વડાપ્રધાન મોદીએ અમદાવાદમાં મતદાન કર્યા પછી રોડ શો કર્યો હતો તેની ફરિયાદ ચૂંટણી પંચમાં નોંધવામાં આવી છે. અભિષેક મનુ સિંઘવીના નેતૃત્વમાં કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ મુખ્ય ચૂંટણી પંચને મળ્યું હતું અને મોદી વિરૂદ્ધ આચાર સંહિતા ભંગની ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણામાં મહેશભાઈ શંકરભાઈ પરમાર (૫૦ વર્ષ) લાયબ્રેરી ખાતે મતદાન કરીને બહાર નિકળતાં તેમને હદયરોગનો હુમલો આવ્યો હતો. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તેઓ નગરપાલિકામાં બોર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. ભરૂચના વાગરા તાલુકાના ઓચ્છણ ગામમાં અનોખી ઘટના બની હતી. આ ગામના વયોવૃદ્ધ છીતુભાઈ મતદાન કરીને ઘરે પરત ફરતા હતા ત્યારે રસ્તામાં તેઓ ઢળી પડ્યા હતા. મતદાન કર્યાની થોડી મિનિટોમાં જ છીતુભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા.

### ભિલોડા તાલુકાના અમુક અંતરીયાળ ગ્રામિણ વિસ્તારોમાં મતદારોને મતદાન સ્લીપ ન મળતાં સમસ્યા સર્જાઈ

ભિલોડા,તા.૨૩

લોકસભાની ચુંટણી સંદર્ભે આજે મતદાન ઉત્સાહભેર યોજાયું હતું. ભિલોડા તાલુકાના અમુક અંતરીયાળ ગ્રામિણ વિસ્તારોમાં અમુક મતદારોને મતદાન સ્લીપ ન મળતાં સમસ્યા સર્જાઈ હતી પરંતુ જાગૃત મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાબરકાંઠા લોકસભા બેઠકના ૨૦ ઉમેદવારોનું ભાવી મતદારોએ ઈ.વી.એમ. મશીનોમાં સીલ કર્યું હતું. ગ્રામિણ વિસ્તારના મતદારોએ આધારકાર્ડ, ચુંટણી કાર્ડ સહિત વિવિધ આધાર-પુરાવાના આધારે મતદાન હોંશે હોંશે કર્યું હતું. ચુંટણી પંચ અને વહીવટી તંત્રના અધિકારીઓની બેદરકારીના કારણે તમામ મતદારો સુધી મતદાન સ્લીપો ન પહોંચતાં વહીવટી તંત્રના અધિકારીઓ ઉપર જાગૃત મતદારોએ નારાજગી દર્શાવી હતી. રાજકીય અને સામાજીક આગેવાનોએ મતદારોને મતદાન કરવા ઉત્સાહ પુરો પાડ્યો હતો. સોશીયલ મીડીયામાં વાઈરલ થયેલા ૧૦૦ ટકા મતદાન કરવું જોઈએ તેમજ મતદાન જાગૃત સંદર્ભેની ક્રાંતિ આવતાં મતદારોએ મતાધિકારનો લોકશાહીના પાવન પર્વ નિમિત્તે સવિશેષ લાભ ઉઠાવ્યો હતો. મતદારોએ સાબરકાંઠા લોકસભા બેઠકના ૨૦ ઉમેદવારોનું ભાવી ઈ.વી.એમ. મશીનોમાં આજે સીલ કર્યું હતું પરંતુ મતગણતરી બાદ જ ખબર પડશે કે મતદારોએ કોના તરફી વધુ મતદાન કર્યું છે.

### સાબરકાંઠા લોકસભા બેઠક પર દુલ્હને સપ્તદીના ફેરા ફરતા પહેલા મતાધિકારનો ઉપયોગ કર્યો

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર છે. પ્રચાર-પ્રસારમાં ઉમેદવારોને હંફાવનાર મતદારો મતદાનના દિવસે વહેલી સવારથી મતાધિકારનો ઉપયોગ કરવા ઉમટતા ઉમેદવારો, ભાજપ-કોંગ્રેસના કાર્યકરો અને રાજકીય વિશ્લેષકો મૂંઝવણ અનુભવી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામે આરતી પટેલ નામની યુવતીએ સપ્તદીના ફેરા ફરતા પહેલા લોકશાહી પર્વમાં મતદાન કરી મતદારોને રાહ ચીંધી હતી.




આજે લોકશાહીનું પર્વ સમગ્ર દેશમાં ઉજવાઈ રહ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણિયોર ગામે આજે પ્રભુતામાં પગલાં માંડનાર આરતી પટેલ પોતાના પરિવાર સાથે આજે અણિયોર પ્રાથમિક શાળા ખાતે મતદાન કર્યું. આરતી પટેલને મત આપવાનો અધિકાર પ્રાપ્ત થયા પછી લોકસભાની ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કર્યું છે. મેરા ન્યુઝ સાથે વાત કરતા આરતી પટેલે જણાવ્યું હતું કે આજે મારા લગ્ન છે આજના દિવસની મારી વ્યસ્તતા વચ્ચે પણ મતદાનને પ્રથમ મહત્વ આપી આજે મેં વહેલી સવારે જ મત આપ્યો છે અને આજે લગ્ન કરનાર તમામ યુવતીઓને પણ પહેલા મતદાન પછી જ કન્યાદાનનો સંદેશ આપી ફરજીયાતપણે મત આપી લોકશાહીના પર્વને ઉજવવા માટે જણાવ્યું હતું. દીકરીના પિતાએ પણ મતદાન કરી દેશમાં સુષશાન સ્થપાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

## ભિલોડા તાલુકામાં શાંતિપૂર્ણ મતદાન

ભિલોડા,તા.૨૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં લોકસભાની ચુંટણી નિમિત્તે અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં મતદાન ભારે આનંદ-ઉત્સાહપુર્વક ઉત્સાહભેર પવિત્ર મતદાન કર્યું હતું.૧૮ વર્ષથી વધુ વય ધરાવતા નવયુવાન મતદારો ભાઈઓ, બહેનોએ લોકસભાની ચુંટણીમાં સૌ પ્રથમ વાર મતદાન કરતા હતા ત્યારે તેઓ ખુશ-ખુશાલ જોવા મળતા એસ.ટી.ડેપોમાં ઠેર-ઠેર મુસાફરો ભારે મુશ્કેલીમાં જોવા મળતા હતા. સાબરકાંઠા લોકસભા બેઠકના ૨૦ ઉમેદવારોના ભાવી આજે ઈ.વી.એમ.મશીનોમાં મતદારોએ સીલ કર્યા હતા. લોકસભાની



યોજાયું હતું. અમુક મતદાન મથકોમાં ઈ.વી.એમ.મશીનો ખોટકાયા હતા. મતદારોની લાંબી-લાંબી કતારો મતદાન મથકો ઉપર જોવા મળી હતી.મતદારો ભાઈઓ, બહેનો તેમજ વૃધ્ધો કાળઝાળ ગરમીમાં હેરાન-પરેશાન થઈ રહ્યા હતા.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વયોવૃધ્ધ વડીલોએ પણ વ્હીલચેરમાં બેસી મતદાન મથક સુધી આવી હતા. નવયુવાન મતદાર ભાઈઓ, બહેનોએ જણાવ્યું હતું કે ભારત દેશમાં પરીવર્તન, વિકાસ વધારવા અને આતંકવાદ મીટાવવા માટે નવયુવાનોની મુખ્ય ભુમીકા મતદાન થકી છે.

જી.એસ.આર.ટી.સી. ધ્વારા એસ.ટી.બસો લોકસભાની ચુંટણીમાં ફાળવી દેવાતા રોજીંદા મુસાફરોને અવર-જવર કરવામાં ભારે મુશ્કેલી સર્જાઈ હતી. ચુંટણીમાં મતદારો જાણે કે જાગૃત બન્યા હોય તેમ અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં સ્વયંભૂ મતદાન મથકો ઉપર વહેલી સવારથી સમી સાંજ સુધી મતદાન કરવા માટે ઉમટ્યા હતા. ભારત દેશમાં લોકશાહીને વધુમાં વધુ મજબુત બનાવવા માટે મતદારો ધ્વારા ઠેર-ઠેર મતદાન મથકો ઉપર લાંબી-લાંબી કતારો લગાવી મતદારો મતદાન હોંશે હોંશે કરતા હતા.

### ભિલોડા તાલુકાના લીલછા ગામમાં મતદાન દરમિયાન ઈ.વી.એમ. મશીન અડધો કલાક ખોટકાયું

ભિલોડા, તા.૨૩

લોકસભાની ચુંટણીના પડઘમ જ્યારે વાગતા હતા ત્યારે મતદારોમાં ખુશીની લહેર પ્રસરી હતી. વહીવટી તંત્ર ધ્વારા ચુંટણી સંદર્ભે તાડામાર તૈયારીઓ કરાઈ હતી. દરેક મતદાન મથક ઉપર ઈ.વી.એમ., વી.વી.પેટ અને મતદાનલક્ષી તમામ સામ્રગી પહોંચાડી દેવાઈ હતી. સવારે ૭:૦૦ વાગ્યે મતદાનનો શુભારંભ યોજાયો હતો. બપોર સુધીમાં અંદાજીત ૪૦ ટકાથી વધુ મતદાન મતદારોએ હોંશે હોંશે કર્યું હતું. ઈ.વી.એમ. મશીનમાં ટેકનીકલ ફોલ્ટ સર્જાતાં ઈ.વી.એમ. મશીન ખોટકાયું હતું. સાબરકાંઠા લોકસભા બેઠકની ચુંટણી સંદર્ભે મતદારો આક્રમક ગરમી દરમ્યાન મતદાન કરવા માટે મતદાન મથક સુધી હોંશે હોંશે દેશના ઉજ્વળ ભાવી માટે પહોંચતા હતા.

### માલપુરના મહીયાપુરના વરરાજા ૧૫૦ જાનૈયાઓ સાથે મતદાન મથકે પહોંચ્યા

માલપુર, તા. ૨૩

૧૭મી લોકસભાની તબક્કાની ચૂંટણીમાં ગુજરાત રાજ્યની સાબરકાંઠા લોકસભા બેઠક પર લોકશાહી પર્વની ઉજવણીના ઉત્સાહમાં ૨૩મી એપ્રિલે લગ્ન કરનાર વરરાજા અને કન્યા પણ લગ્નની ઉજવણી પહેલા મતદાન કરી



મતદારોનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માલપુર તાલુકાની અણીયોર ગામની આરતી પટેલે સપ્તદીના ફેરા ફરતા પહેલા મતદાન કર્યા બાદ માલપુર તાલુકાના મહીયાપુર ગામના વરરાજા રોનક રમેશભાઈ પટેલ ૧૫૦થી વધુ જાનૈયાઓ જાન લઈને ઝાલમપુરના લગ્નના માંડવે પહોંચતા પહેલા મતદાન મથકે પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. લોકશાહી પર્વની ઉજવણીનો ઉત્સાહ મનાવ્યો હતો. માલપુર તાલુકાના મહીયાપુર ગામના વરરાજા રોનક રમેશભાઈ પટેલની વાજતે-ગાજતે નીકળેલી જાન બેન્ડવાજા અને જાનૈયાઓ સાથે મતદાન બુથ પર પહોંચતા ચૂંટણી પ્રક્રિયામાં જોતરાયેલા કર્મચારીઓ અને મતદાન કરવા પહોંચેલા મતદારોમાં પણ આનંદ છવાયો હતો.